# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT RAIN

રાજ્યમાં આજે સાર્વત્રિક મેઘમહેર થઈ છે. આજે 201 તાલુકામાં મધ્યમથી ભારે વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લાના સુઈગામમાં આજે સૌથી વધુ 5 ઇંચ વરસાદ વરસ્યો છે જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. સાંભળીએ એક અહેવાલ..

***(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી)***

વલસાડ અને ગાંધીનગરના દહેગામમાં ત્રણ ઇંચથી વધુ જ્યારે સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં 2 ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

આમ રાજ્યના 14 તાલુકામાં આજે બે ઈંચથી વધુ વરસાદ પડ્યો.

. . . . . . . .

# GUJARAT DAM

સાર્વત્રિક વરસાદને પગલે રાજ્યના 123 જલાશય હાઇએલર્ટ પર છે , ત્યારે અનેક જળાશયમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. મહેસાણા જિલ્લાના ધરોઈ ડેમમાંથી 95 હજાર 160 ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું છે. મોરબી જિલ્લાનો મચ્છુ એક ડેમ ઓવરફ્લો થયો છે. જ્યારે મચ્છુ ૨ ડેમ ૭૦ ટકા ભરાયો છે. જીકિયાળી ગામ પાસેનો ઘોડાધ્રોઈ ડેમ સંપૂર્ણ ભરાઇ જતા નીચાણવાળા 10 જેટલા ગામોને એલર્ટ કરાયા છે. ગાંધીનગરના સંત સરોવરમાંથી એક લાખ ક્યુસેક પાણી છોડાતા નિચાણવાળા ગામોને એલર્ટ કરાયા છે.

તાપીના ઉકાઈ ડેમના ચાર દરવાજા ખોલી 59 હજાર 832 ક્યુસેક પાણી અને પંચમહાલ જિલ્લાના પાનમ જળાશયમાંથી પણ 50 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. દરમિયાન અરવલ્લી જિલ્લામાં સીઝનમાં પ્રથમવાર માઝમ જળાશયના આઠ દરવાજા ખોલીને સરેરાશ દસ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું

. . . .

# GUJARAT RESCUE

સાબરકાંઠાના ખેડબ્રહ્મા નજીક સાબરમતી નદીમાં ફસાયેલા નવ લોકોને બચાવી લેવાયા. ભારે વરસાદને કારણે નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં રતનપુર ખાતે સાબરમતી નદીમાં આ લોકો ફસાયા હતા. ત્યારે વહેલી સવારે વહીવટી તંત્ર અને NDRF ની ટીમ દ્વારા તમામ લોકોનું રેસક્યું કરાયું છે. આ તરફ ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં જળસ્તર વધતા જુના કોબા વિસ્તારમાંથી 69 લોકોને જ્યારે મેશ્વો નદીમાં જળસ્તર વધતાં દહેગામના 23 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે

ભારે વરસાદને પગલે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના 11 જેટલા માર્ગ બંધ કરાયા છે.

. . . . .

# CHANDRAGRAHAN- MANDIR DARSHAN TIME

આજે ભાદરવી પૂનમે  ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું.

ભાદરવી પૂનમ સાથે ચંદ્રગ્રહણ હોવાથી દર્શન સમયમાં ફેરફાર    કરાયો છે. બપોર બાદ બીજે દિવસ સુધી મંદિર બંધ રહેશે.

જે બીજે દિવસે સોમવારે સવારે   6 વાગ્યે મંગળા આરતી સાથે નિત્ય ક્રમ મુજબ મંદિર ખુલ્લુ રહશે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અંબાજી મંદિરે આજે ભાદરવી પૂનમના મેળાના દિવસે ભક્તોની ભારે ભીડ જોવા મળી. આજે ચંદ્ર ગ્રહણને લઇ મંદિર બપોરના 12 વાગ્યા સુધી ખુલ્લું રાખવામા આવ્યું હતું.    જયારે 12 થી 5 સુધી ભક્તો માટે આંશિક ખુલ્લું રહેશે. જયારે પાંચ વાગ્યા પછી મંદિર સંપૂર્ણ બંધ રહેશે.

. . . . . . . .

# ARAVALLI VIBRANT

અરવલ્લીના મોડાસા ખાતે જિલ્લા વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં 15 જેટલા સ્થાનિક ઉદ્યોગોના સ્ટોલનું નિદર્શન કરાયું. દરમિયાન જિલ્લાની પાંચ અગ્રણી કંપનીઓ સાથે અંદાજે 460 કરોડ રૂપિયાના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા જેનાથી એક હજારથી વધુ સ્થાનિક લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થશે તેમ રાજ્યકક્ષાના મંત્રી ભિખુસિંહ પરમારે જણાવ્યું છે.

(બાઈટ - ભીખુસિંહ પરમાર, મંત્રી, ગુજરાત રાજ્ય)

. . . . . . . . . .